**શ્રી એ.એમ.શેખ, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ,**
**સુરત સમક્ષ**

**રેફરન્સ(ટી) નં. ૭૫/૨૦૦૭**

**:: આંક–૧૫ હેઠળ હુકમ ::**

બીજા પક્ષકારે આ અરજી રજુ કરી પ્રથમ પક્ષકાર સંસ્થાના સને ૧૯૨૪ થી સને ૨૦૦૧ સુધીના સમયગાળાના (દસ્તાવેજો રજુ કરવા બાબતની વિગત) મુદ્દા નં.૧ થી ૩૦ સુધીના દસ્તાવેજો રજુ કરાવવાની માંગણી કરેલ છે. આ દસ્તાવેજી પુરાવાઓ માંગણી કરવાનું કારણ બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન રજુ કરેલ, તેનો જવાબ પ્રથમ પક્ષકારે રજુ કરેલ છે તેમાં પ્રથમ પક્ષકારે જણાવેલ હકીકતો અને તકરારો ધ્યાને લેતાં મુળ રેફરન્સના ન્યાયનિર્ણય માટે આ દસ્તાવેજી પુરાવો રજુ થવો ખુબ જ જરુરી હોય પ્રથમ પક્ષકાર આ દસ્તાવેજી પુરાવા કોર્ટમાં રજુ કરે તેવી અરજી કરેલ છે.

બીજા પક્ષકારની અરજી વિરુધ્ધ પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૬થી જવાબ રજુ કરવામાં આવેલ છે જેમાં બીજા પક્ષકારની અરજી ખરી નથી અને તે કબુલ, મંજુર અને માન્ય ન હોય રદ થવાપાત્ર હોવાનું જણાવેલ છે. અરજીના કથનો ખોટા, બનાવટી, કુદરતી ન્યાયના સિધ્ધાંતની વિરુધ્ધના હોય કબુલ મંજુર નથી. બીજા પક્ષકારની અરજીના કથનો અને તેમના માંગણાના નિવેદન તથા પુરાવા એફીડેવીટથી અલગ પડતા હોય પ્રથમ પક્ષકારને હેરાન પરેશાન કરવા આપવામાં આવેલ હોય તેવુ જણાય આવે છે.

પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રી તથા બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીને સાંભળ્યા.

બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રીની દલીલો સાંભળી. તેઓએ અરજીમાં જણાવેલ હકીકત મુજબ રજુઆત કરેલ છે અને બીજા પક્ષકારના માંગણાના નિવેદનની હકીકત તથા તેનો પ્રથમ પક્ષકારે રજુ કરેલ જવાબમાં ઉપસ્થિત થયેલ તકરારોનો ગુણદોષ ઉપર ન્યાયનિર્ણય થવા માટે અરજીમાં જણાવેલા દસ્તાવેજો અગત્યના પુરાવા હોય તે રજુ કરાવવા હુકમ કરવા જણાવેલ છે. જો આવા પુરાવા રજુ કરવામાં ન આવે તો બીજા પક્ષકારને અસહય નુકશાન થાય તેમ છે. જયારે એવા દસ્તાવેજો રજુ થવાથી પ્રથમ પક્ષકારને કોઈ નુકશાન થાય તેમ નથી. જયારે પ્રથમ પક્ષકારના વિધ્વાન વકીલશ્રીએ દલીલમાં બંને પક્ષકારો વચ્ચે કામદાર અને માલીકની કોઈ

તકરાર નથી અને જયારે પ્રથમ પક્ષકારે જે બચાવ લીધેલ છે તે બચાવ સાબીત કરવા માટે જયારે પુરાવાની જરુર પડે ત્યારે રજુ કરવામાં આવશે. નામ. કોર્ટે મદદનીશ શ્રમ આયુકત કચેરીમાંથી રીફર થયેલ રેકર્ડમાં જણાવેલ અનુસુચિના મુદૃાનો નિર્ણય કરવાનો હોય છે તે સિવાય બીજા કોઈ મુદૃાનો નિર્ણય કરવાનો હોતો નથી. બીજા પક્ષકારની અરજી કાયદેસર ટકી શકે તેમ ન હોય રદ કરવા જણાવેલ છે.

અરજીની હકીકત તથા બીજા પક્ષકારના પ્રતિનિધિશ્રી તરફેની રજુઆત અને પ્રથમ પક્ષકારના વિ.વકીલશ્રીની દલીલ ઘ્યાને લેતાં બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુકતમાં અરજી કરતાં ત્યાં સમાધાન ન થતાં અત્રેની કોર્ટમાં રેફરન્સ રીફર કરેલ છે અને બીજા પક્ષકારના માંગણાના નિવેદનમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરી પરથી કાઢી મુકવાનું કૃત્ય ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કાયદાની જોગવાઈ વિરુઘ્ધનું હોવાનું ઠરાવવા તથા પડેલા દિવસના પુરેપુરા પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત થવા માટે માંગણી કરેલ છે. જે માંગણાના નિવેદનનો પ્રથમ પક્ષકારે લેખીત જવાબ રજુ કરેલ છે અને તેમાં બીજા પક્ષકાર કાયમી કામદાર ન હતા અને રોજીંદા પગારના દરથી કામ કરતા હતા. તેઓ રોજીંદા કામદાર હોય જરુર પડે બોલાવવામાં આવતા હતા. સવારે બે કલાક અને સાંજના બે કલાક કામગીરી કરતા હતા. દૈનિક રુા.૨૫/– મહેનતાણુ મેળવતા હતા. તેઓ કોઈપણ પ્રકારનું કુશળ–અકુશળનું કામ કરતાં હતા. તેઓ સામાન્ય મજુર ટાઈપનું કામ કરતા હતા. આમ, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કરી દીધેલ હોવાની હકીકતનો સ્પષ્ટ રીતે ઈન્કાર કરેલ છે. પ્રથમ પક્ષકારે તેમના જવાબમાં તેમની સંસ્થાએ તમામ રેકર્ડ સંપુર્ણપણે જાળવી રાખેલ છે અને તમામ પુરાવાઓ તેમની પાસે ઉપલબ્ધ છે અને જરુર પડે તયારે રજુ કરવામાં આવશે. તેમ જણાવેલ છે પરંતુ પ્રથમ પક્ષકારે તેમના જવાબ સાથે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારના જણાવ્યા પ્રમાણે તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં નોકરી કરતા હતા ત્યારે તે સમય દરમ્યાન હાલની અરજીમાં જણાવ્યા મુજબના કોઈ દસ્તાવેજી પુરાવા પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને આપતા ન હતા. અરજીમાં જણાવેલા દસ્તાવેજી પુરાવા પ્રથમ પક્ષકારના કબજામાં રહેલા હોય તે પૈકીના પુરાવાઓ સદરહુ રેફરન્સના ન્યાયનિર્ણય માટે રજુ કરાવવા જરુરી છે અને જો આવા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં ન આવે તો બીજા પક્ષકારને અન્યાય થાય તેમ

છે અને તે રજુ કરવાથી પ્રથમ પક્ષકારના હિતને કોઈ નુકશાન થાય તેમ નથી. તેથી બીજા પક્ષકારની અરજી અંશત: મંજુર કરવી યોગ્ય અને ન્યાયી જણાતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

બીજા પક્ષકારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે. પ્રથમ પક્ષકારે તા.૧–૧–૯૭ થી તા.૧–૧–૨૦૦૦ સુધીના પગારપત્રક, હાજરીપત્રક, ઓળખપત્રક રજીસ્ટરના દસ્તાવેજો હુકમ તારીખથી દિન.૩૦ માં આ કોર્ટમાં રજુ કરવા. વિકલ્પે તે અંગેનું સોગંદનામુ રજુ કરવું. તે સિવાયના બીજા પક્ષકારે માંગેલ દસ્તાવેજી પુરાવાની દાદ નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૧૭–૧૨–૨૦૧૬ના રોજ જાહેર કર્યો.

સુરત.
તા.૧૭–૧૨–૨૦૧૬

(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)
પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ01031